GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note

7736

૧૯ જુલાઈ, ૨૦૧૯

**કેન્દ્રીય બજેટ - ૨૦૧૯-૨૦ માં જાહેર થયા મુજબ ૧ જુલાઈ, ૨૦૧૯ થી ડીજીટલ પેમેન્ટ પર લેવાતાં મર્ચન્ટ ડીસ્કાઉન્ટ રેટ (MDR) અને તેવા અન્ય ચાર્જીસ નાબુદ થયા છતાં બેન્કો દ્વારા આ ચાર્જીસ વસુલાય છે તે અંગે GCCI દ્વારા ઉગ્ર રજૂઆત.**

હાલમાં થોડા સમય પહેલાં રજુ થયેલ કેન્દ્રીય બજેટ-૨૦૧૯-૨૦ માં માનનીય નાણામંત્રીશ્રી દ્વારા ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી તા. ૧ જુલાઈ, ૨૦૧૯ થી ડીજીટલ પેમેન્ટ પર લાગતા મર્ચન્ટ ડીસ્કાઉન્ટ રેટ (**MDR**) અને અન્ય ચાર્જીસ નાબુદ કરવામાં આવ્યા છે. તેમ છતાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાને છોડીને બધી જ સરકારી તેમજ પ્રાઈવેટ બેન્કો દ્વારા આ ચાર્જીસ હજુ પણ વસુલાય છે.

**GCCI** દ્વારા આ મુદ્દા અંગે ઉગ્ર અસંતોષ દાખવતું રજૂઆત પત્ર રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર શ્રી શક્તિકાન્તા દાસને મોકલવામાં આવ્યું છે અને તેની નકલ અમદાવાદ ખાતેના રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના રીજનલ ડાયરેક્ટર શ્રી એસ.કે. પાણીગ્રહી , ગુજરાતની સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટિ તેમજ બધી બેન્કોના ઝોનલ હેડ ને મોકલવામાં આવેલ છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાને GCCI દ્વારા સૂચન કરવામાં આવ્યું છે કે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તમામ બેન્કોને આ ચાર્જીસ તાત્કાલિક અસરથી ઉઘરાવતા બંધ કરવા અંગેનો પરિપત્ર બહાર પાડે અને તાત્કાલિક ધોરણે ખોટી રીતે ડીજીટલ પેમેન્ટ પર ઉઘરાવેલ ચાર્જીસને ફરીથી વ્યાજ સહિત કસ્ટમરોના બેન્ક એકાઉન્ટમાં જમા કરવા પણ GCCIના રજૂઆત પત્રમાં જણાવ્યું છે.

વધુમાં GCCI દ્વારા બેન્કોના ઝોનલ હેડને પત્ર લખી તેમની બ્રાન્ચ ઓફીસો દ્વારા આવી ઉઘરાવેલ રકમની વિગતો મંગાવવા અને તે રકમ પરત ક્રેડિટ કર્યેથી બેન્કની ઝોનલ ઓફીસ તેમજ GCCIને તેની માહિતી આપવા જણાવ્યું છે.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

19/7/19

ક્રતુ દેસાઈ
*સેક્રેટરી જનરલ*

**GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**(Gujarat Vepari Mahamandal)**
**Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,**
**Ashram Road, Ahmedabad-380009**
**Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4**
**Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org**

## Press Note

7736

19th July, 2019

**GCCI's strong representation against the banks for still wrongly deducting Merchant Discount Rate (MDR) charges and other such similar charges on Digital Payments, even in spite of abolishment of these charges from 1st July as announced in Union Budget 2019-20**

It was announced recently in the Union Budget presented by Hon'ble Finance Minister that Merchant Discount Rate (MDR) and similar charges on digital payments will be abolished and shall not be applicable effective from 1st July 2019. However, such charges are still being recovered by all Nationalized and Private Sector banks except State Bank of India.

GCCI expressed its strong dissatisfaction and concern on this serious issue and sent a representation letter to Governor of Reserve Bank of India Shri Shaktikanta Das, with a copy marked to RBI's Regional Director for Gujarat Shri S.K. Panigrahy and also to the State Level Bankers' Committee as well as Zonal Heads of all banks. In the representation letter, GCCI has suggested RBI to issue necessary guidelines to the banks to stop recovery of such charges with immediate effect as well as re-credit the amount wrongly recovered in the accounts of the customers with interest.

GCCI has also written to the Zonal Heads of all banks and has asked them to obtain details of such wrongly deducted amount from their respective Branch Offices. GCCI has requested that details of the total amount wrongly deducted by the bank and the amount re-credited by them should also be provided to GCCI.

---

Editor/Chief Reporter/Commercial Editor/ Bureau Chief/News Editor

For favor of publication,

19/7/19

**Kratu Desai**
**Secretary General**